બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક
શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી
સહાયક અને સાથી સહાયકની ભરતી કરવા અંગે

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨-૭-૧૯૯૯

સંદર્ભ : ૧. શિક્ષણ વિભાગના તા. ૨૫-૧૦-૮૯ના ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૮૯-મં ૪૭૨(૯૬)ગ
૨. શિક્ષણ વિભાગના તા. ૧૮-૬-૯૮ના ઠરાવ ક્રમાંકઃબમશ-૧૧૯૮-૧૩૨૫૮-ગ

ઠ રા વ

---

શિક્ષણ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા. ૨૫-૧૦-૮૯ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સહાયક અનુદાન આપવાનું નકકી કરવામાં આવેલ. આ બાબતમાં રાજ્ય સરકારે તેના સંકલ્પ પત્રમાં પુનઃ વિચારણા કરવા માટે અભ્યાસ જૂથની રચના કરવાનું દર્શાવેલ તથા રાજય સરકારની તિજોરી ઉપર આયોજન બહારની જોગવાઈઓમાં થતા દિન પ્રતિદિનનો વધારો, ઘટાડવા માટે સરકારશ્રી દ્વારા ખર્ચમાં નિયંત્રણ મુકવા માટે સૂચનો કરવામાં આવેલ છે. આ બધી બાબતોને ધ્યાનમાં લઈને રાજય સરકારે તા. ૧૮-૬-૯૮ના ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૯૮-૧૩૨૫૮-ગ અન્વયે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે અનુદાનની નીતિની સમીક્ષા/ પુનઃ વિચારણા કરવા માટે અભ્યાસ જૂથની રચના કરવામાં આવેલ. આ અભ્યાસ જૂથમાં રાજય કક્ષાના સંચાલક સંઘ, આચાર્ય સંઘ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારશ્રીઓ, શિક્ષણવિદો અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ.આ અભ્યાસ જૂથે એપ્રિલ-૧૯૯૯માં તેમના અહેવાલમાં કરેલ ભલામણોને સ્વીકારવાનું રાજય સરકારની વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાના અંતે ઉપરોક્ત અભ્યાસ જૂથની ભલામણના પ્રકરણ-૩ ના મુદ્દા નં. ૩ -અ (૭)માં કરવામાં આવેલ ભલામણોને સ્વીકારીને આ હુકમોની તારીખથી બિન સરકારી માધ્યમિક શાળાઓ / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષક, વહીવટી કર્મચારી તથા પટાવાળાની નિમણૂક જે ભરતીના પ્રવર્તમાન નિયમોનુસાર કરવામાં આવે છે તે મુજબ અનુક્રમે **શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની** નિમણૂક ભરતીના પ્રવર્તમાન નિયમો મુજબ કરવાની રહેશે. આવી નિમણૂક મેળવનારને પાંચ વર્ષની મુદત પુરી કર્યા બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગાર ધોરણમાં શરૂઆતના તબકકે મળવાપાત્ર તમામ લાભો આપવામાં આવશે. અને આ રીતે ઉપર દર્શાવેલ જેતે સંવર્ગના કર્મચારીઓને અનુક્રમે મદદનીશ શિક્ષક, કારકુન અને વર્ગ-૪ના કર્મચારી (પટાવાળા) તરીકે નિયમિત કરવામાં આવશે. આ યોજના નીચે (૧) માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને માસિક રૂા. ૪૦૦૦/- (૨) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને માસિક રૂા. ૪૫૦૦/- (૩) શાળાની વહીવટી કામગીરી કરનાર વહીવટી સહાયકને માસિક રૂા. ૨૫૦૦/- અને (૪) શાળાની સેવા વિષયક કામગીરી કરનાર સાથી સહાયકને માસિક રૂા. ૧૫૦૦/-ઉચ્ચક માનદ વેતન પાંચ વર્ષ સુધી તેઓ સંતોષકારક કામગીરી બજાવે તે શરતે ચુકવવામાં આવશે

આ નવી નિમણૂકો જે તે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાએ સામેલ પરીશિષ્ટ- ૩ માં દર્શાવ્યા પ્રમાણે ૧:૩ના પ્રમાણમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની નિમણૂક કરવાની રહેશે.

આ પરીશિષ્ટ-૩ પ્રમાણે શાળામાં જેમ જેમ જગ્યાઓ ખાલી પડે તેમ જુના શિક્ષકો અને શિક્ષણ સહાયકોને પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે નિમણૂક કરવાની રહેશે અને તે અંગે અલગ રજીસ્ટર બનાવીને તેને ક્રમવાર જાળવવાનું રહેશે અને નવી નિમણૂક વખતે આ રજીસ્ટર પ્રમાણે નિમણૂક કરવાની રહેશે. આ,

બાબતમાં માધ્યમિક શાળાઓ તરફથી અરજી મંગાવવામાં આવે અને કોઈ જુના શિક્ષક , કારકુન કે પટાવાળા તરફથી અરજી ન આવે તો તે જગ્યાઓ ઉપર જણાવેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકથી ભરવાની રહેશે. આજ પ્રમાણે જુના (ચાલુ ) બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને અન્ય કર્મચારીઓની ખાલી પડતી જગ્યાઓ પર, ઉપર મુજબ સહાયકોની નિમણૂક નીચેની શરતોને આધીન રહીને કરવાની રહેશે.

૧. માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ખાલી પડતી જગ્યાઓની ભરતી આ પ્રમાણે કરવાની રહેશે. આ ભરતી વખતે પાંચ વર્ષથી વધુ અનુભવી તેવા મદદનીશ શિક્ષક અને શિક્ષણ સહાયકનુ પ્રમાણ ૧:૩નુ રાખવાનુ રહેશે. તેવી જ રીતે પાંચ વર્ષથી વધુ અનુભવી કલાર્ક અને વહીવટી સહાયકનુ પ્રમાણ પણ ૧:૩ નુ રહેશે. પટાવાળામાં પણ પાંચ વર્ષથી વધુ અનુભવી પટાવાળા અને સાથી સહાયકનુ પ્રમાણ ૧:૩ નુ રાખવાનુ રહેશે.

ઉપરોકત ૧:૩ નુ પ્રમાણ જાળવવા માટે હાલમાં અનામતનુ પ્રમાણ જાળવવા માટેના પ્રવર્તમાન તમામ નિયમો મુજબની કાર્ય પધ્ધતિનો અમલ દરેક શાળાએ ફરજીયાત કરવાનો રહેશે અને તે મુજબ પરિશિષ્ટ- ૩ મુજબનુ રજીસ્ટર (સંવર્ગ દીઠ અલગ-અલગ) દરેક શાળાએ રાખવાનુ રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૩-૬-૯૯ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ: પરિશિષ્ટ-૩

બી.કે.ભટ્ટ,
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
૨. માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા રોડ, અમદાવાદ (પત્રથી)
૩. માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માનનીય મંત્રીશ્રી(પ્રા. અને મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માનનીય રા.ક. મંત્રીશ્રી ( પ્રા. અને મા. શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
૬. માનનીય રા. ક. મંત્રીશ્રી (ઉ.અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર / વડોદરા
૮. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
૯. બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
૧૦. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ-રાજકોટ
૧૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૨. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૩. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
૧૫. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
૧૬. સંબંધિત સરકાર માન્ય સંઘો (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત)
૧૭. ડી.એસ.ઓ. ફાઇલ
૧૮. સીલેકટ ફાઇલ-ગ શાખા